# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફ્લુ બેકાબુ

## બાયડની ઈરીગેશન કોલોનીમાં રહેતા આધેડનું સારવાર દરમિયાન મોત નિપજતા હાહાકાર

અરવલ્લી, તા. ૧૯

સ્વાઈન ફ્લુના વાવરે વિકરાળ સ્વરૂપ ધરીને ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લામાં મોતનું તાંડવ ખેલ્યું હોય તેમ બાયડની ઈરીગેશન કોલોનીમાં રહેતા ૫૮ વર્ષીય આધેડનું હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા મૃત્યુ આંક ૩થી વધુ પહોંચતા સનસનાટી મચી જવા પામી છે અને ૨૭ પોઝેટીવ કેસ નોંધાતા અને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થતા આ ઘાતક રોગચાળાએ જિલ્લાના પ્રજાજનો અને આરોગ્યતંત્રની નિંદ્રા ઉડાડી મૂકી છે.

જીવલેણ રોગોની શ્રેણીમાં આવતા એચ ૧ એન ૧ વાયરસે મોડાસા શહેર સહીત જિલ્લામાં જાળ પાથરીને તબક્કાવાર એક પછી એક દર્દીઓને શિકાર બનાવીને મોતના આગોશમાં સમાવી લીધા છે. ત્યારે બાયડની ઈરીગેશન કોલોની માં રહેતા ૫૮ વર્ષીય આધેડને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો જણાતા આધેડને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા અને સ્વાઈન ફ્લુનો એચ-૧ એન-૧ રિપોર્ટ પોઝેટીવ આવતા તબીબોએ સઘન સારવાર હાથ ધરી હતી.

પરંતુ સ્વાઈન ફ્લુ સામે મંગળવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે જંગ હારી જતા મોત નીપજ્યું હતું. મંગળાવરે માલપુરના આંબલીયારા ગામના ૧૮ વર્ષીય યુવાનને શંકાસ્પદ સ્વાઈનફ્લુ ના લક્ષણો જણાતા મોડાસાના મેઘરજ રોડ પર આવેલી ખાનગી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફ્લુમાં સપડાયી મોત નીપજેલા આધેડના પરિવારજનો અને વિસ્તારમાં સર્વેની કામગીરી હાથ ધરી સર્વેલન્સ હેઠળ રાખવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફ્લુ બેકાબુ બનતો હોય તેવો અહેસાસ જિલ્લાના પ્રજાજનો અનુભવી રહ્યા છે.



'વર્લ્ડ હેરિટેજ' એવા પાટણના મેઈન બજારની તસવીર છે. પાટણની 'રાણીની વાવ' તેમજ પાટણના પ્રખ્યાત 'પટોળા' તો જાણીતા છે. હેમચંદ્રાચાર્ય જેવા મહાન તત્વચિંતન જેમને આપણને પાકૃત ભાષા આપી. સિદ્ધરાજ જયસિંહનું નગરની આજની દુર્દશા જુઓ હાલની જ તસવીર છે. મેઈન બજારમાં વચોવચ ગાયો જ્યાં-ત્યાં ખોદેલા રસ્તા, મોટા ખાડા આપણું એકવીસમી સદીનું 'ન્યુ ઈન્ડિયા' બનાવવાનું નરેન્દ્ર મોદીનું સ્વપ્ન પાટણ સેવા સદનના ચૂંટાયેલા સેવકો ક્યાં ગયા જે મોટા દાવા કરતા હતા કે અમને એક વાર લાવો પાટણની તસવીર બદલી દઈશું. અલ્યા ભાઈ તમે તો પાટણનો ઈતિહાસ જ બદલી નાખ્યો છે.

# મોડાસા શહેર-અરવલ્લી જિલ્લામાં ગરબે ઘુમવા યૌવનધનમાં થનગનાટ

## આયોજકો દ્વારા વરસાદની ચિંતા વચ્ચે તડામાર તૈયારીઓ : ખેલૈયાઓ તૈયારીમાં વ્યસ્ત

અરવલ્લી, તા. ૧૯

નવલા નોરતાને હવે બે દિવસ બાકી છે ત્યારે ગરબે ઘુમવા યૌવનધન થનગની રહ્યું છે. જેને પગલે મોડાસા શહેર તથા જિલ્લામાં નવરાત્રીની ઠેર ઠેર છેલ્લા ચરણમાં તૈયારીઓ ચાલી રહી છે. મોડાસા શહેર સહીત જિલ્લામાં શેરી ગરબાનું મહત્વ દિવસે ને દિવસે ઘટી રહ્યું છે. ત્યારે જગતજનીની આરાધના થઈ રહ્યું છે. મોટી અને મોંઘી ઑરકેસ્ટ્રા પાર્ટીઓ, લાઈટીંગમાં લાખો રૂપિયા ખર્ચાય છે ત્યારે સાચી ભક્તિ ખુરશી પર માતાજીની છબી મૂકી દીવડાની હાર કરી તેમની આસપાસ ગરબે ઘૂમતી આર્ય નારીના ગરબામાં સાચી ભક્તિના દર્શન આપો આપ જ થતા હતા. આજે પણ માઈભક્તો ૯ દિવસના નકોરડા કે એકટાણાના ઉપવાસ કરી નોરતામાં આદ્યશક્તિની ભક્તિમાં લીન



માટે પણ માઈ ભક્તો અધીરા બન્યા છે.

ગુજરાતનું ઘરેણું એટલે ગરબો કે જે નોરતામાં સોળે કળાએ ખીલી ઉઠે છે હવે નવલી નવરાત્રિને આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે આયોજકો આખરી ઓપ આપવામાં વ્યસ્ત થઈ ગયા છે. નવરાત્રી એ માં શક્તિની આરાધનાનો લોકઉત્સવ છે. પરંતુ બદલાતા જતા સમયની વ્હેણની સાથે સાથે તેની ઉજવણીની ઢબ પણ બદલાઈ ગઈ છે. હવે ઘણીવાર માં જગદંબાની ભક્તિનું લોકપરંપરાની જાળવણીના બદલે દેખાદેખી વૈભવતાનું પ્રદર્શન બની ગયું છે અને આધુનિક દેખાવાની હોડમાં ભારતીય સંસ્કૃતિનું પાટણ રહે છે. મોડાસામાં આ વર્ષે કલ્યાણ ચોક, રામપાર્ક સોસાયટી, ઉમિયામાતા ચોક, નવજીવનચોક, બુટાલવાડા, વિવેકાનંદ સોસાયટી તેમજ જિલ્લામાં યોજાતી શહેરી અને ગ્રામ્યવિસ્તારોમાં ગરબાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ વર્ષેહવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે આયોજકો અને યુવા હૈયાઓ વરસાદ મજા ના બગાડે તેવી આશા રાખી રહ્યા છે. ગતવર્ષે ૫ નોરતા સુધી વરસાદે ભંગ પાડતા ખેલૈયાઓમાં ભારે નિરાશા સાંપડી હતી. ત્યારે ચાલુ સાલે પણ નવરાત્રીમાં વરસાદી મંડાણ ડોકવાની આશાથી લોકો ચિંતિત બન્યા છે.

# બનાસકાંઠા જીલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘે કાગળ પર ચૂંટણી આટોપી લીધી

બનાસકાંઠા, તા. ૧૯

બનાસકાંઠા જીલ્લા પ્રાથમિક સંઘની ચૂંટણીના જાહેરનામુ બહાર પાડ્યા વગર બારોબાર માત્ર કાગળ પર થઈ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જીલ્લા પંચાયત કારોબારી સમિતિની ગત ૨૯ મે ના રોજ જીલ્લા પ્રાથમિક સંઘની ચૂંટણી યોજવા માટેનો ઠરાવ કર્યો હતો. જોકે જીલ્લા પ્રાથમિક સંઘમાં બની બેઠેલા કેટલાક હોદેદારોએ ખુરશીનો મોહ ન છોડવા માટે રાજકીય દબાણથી ચૂંટણી યોજી માત્ર કાગળ પર જ મનગમતા મળતિયાઓને હોદ્દાની વહેંચણી કરી દીધી છે. જોકે આ બાબતે જીલ્લા વિકાસ અધિકારી પણ ચૂપકેદી સેવી રહ્યા છે કોઈપણ પ્રકારની જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘની ચૂંટણી વગર માત્ર કાગળ પર ૧૫૫ હોદેદારોની નિમણુંક કરી આ આખો મામલો દફ્તરે કરવામાં આવ્યો છે. જીલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ માં કુલ ૧૪૦૦૦ શિક્ષકોના મત છે. જોકે પ્રથમવાર આવું બન્યું છે કેજિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘમાં રાજકીય દખલગીરીને કારણે આ ચૂંટણીમાં નીતિનિયમો નેવે મૂકીને બંધારણની વિરુદ્ધ માંજઈ દફ્તરે કરી દેવામાં આવી છે. આ બાબતે જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. દિપક દરજીએ પણ જણાવ્યું હતું કે જીલ્લા પ્રાથમિક શિક્ષણસંઘે ચૂંટણીમાં સિલેક્શન કર્યું હોવાનું તેમના પત્રથી અમને જાણ કરી છે તેમ કહી કાગળ પર થયેલી ચૂંટણીની બાબતે પૂછતાં તેમને મૌન સેવ્યું હતું.

ભાજપ શાસિત જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા લક્ષ્મીબેન કરેણે સાથેની વાતચીત કરતા જણાવ્યું હતું કે શાસકપક્ષના રાજમાં ખુલ્લેઆમ લોકશાહીના ધજાગરા ઉડી રહ્યા છે. તેમને વધુ જણાવ્યું હતું જિલ્લા પ્રાથમિક સંઘના નામે હોદ્દા પર બેઠલા કેટલાક લોકો રાજકીય રોફ જમવા માટે શાળામાં બાળકોને ભણવા પણ જતા નથી જેના લીધે જિલ્લાના બાળકો પણ શિક્ષણથી વંચિત રહી જાય છે. જિલ્લા પ્રાથમિક સંઘની ચૂંટણી કાગળ પર થયા બાદ હોદેદારોમાં થયેલી નારાજગીના લીધે આ મામલો સામે આવ્યો છે.

# પ્રાંતિજમાં વિજ પ્રવાહ બંધ રહેતાં ભાદરવી ગરમીમાં નગરજનો શેકાયા

## વીજ મેન્ટેનન્સના કારણે વિજ પ્રવાહ બંધ રખાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિજ મેન્ટેનન્સને લઈને વિજ પ્રવાહ બંધ કરવામાં આવતાં લોકો ભાદરવી ગરમીમાં સેકાયા અને બેંક કચેરીઓ સહિતના કામકાજ ઠબ રહ્યાં હતાં.

પ્રાંતિજ વિજકંપની દ્વારા ભાદરવાની ગરમીમાં જ વિજ મેન્ટેનન્સનું કામ હાથમાં લેતા વિજ પ્રવાહ સવારથી બંધ કરવામાં આવતા દિવસ દરમ્યાન પ્રાંતિજવાસીઓ ભાદરવાની ગરમીમાં શેકાઈ ગયાં હતા. જયારે વિજકંપની દ્વારા ડીપી વાઈઝ કામના લેતા સમગ્ર પ્રાંતિજનો વિજય પ્રવાહ બંધ કરતાં બેક સરકારી ઓફીસો કચેરીઓ સહિતના કામો પણ વિજપ્રવાહ વગર ઠબ થયા હતા. જયારે શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ ગરમીમાં સેકાઈ ગયાં હતા અને દવાખાનામાં પણ દર્દીઓ સહિત સગાસંબંધીઓ પણ ગરમીમાં શેકાયા હતા. ત્યારે બીજી બાજુ ગરમીના કારણે વુધ્ધો, નાના બાળકોની હાલત કફોડી થઈ હતી અને ભાદરવાની ગરમીમાં જ વિજકંપની દ્વારા વિજ પ્રવાહ બંધ કરવામાં આવતા નગરજનોનો પારો આસમાને પહોચ્યો હતો. તો નવરાત્રી પછી જો મેન્ટેનન્સનું કામ હાથ ધરવામા આવ્યું હોત તો નગરજનોને ગરમીથી રાહત થઈ હોત પણ ભાદરવાને પૂર્ણ થવાને આળે જ દઝાડી દે એવી ગરમીમાં જ પ્રાંતિજ વિજ કંપની દ્વારા મેન્ટેનન્સનું કામ હાથ ધરવામાં આવતાં વિજ પ્રવાહ બંધ કરતાં નગરજનો ગરમીમાં સેકાઈ ગયાં હતાં અને ગરમીથી તોબી તોબા પોકારી ઉઠ્યા હતા.

# મોડાસાના ટીંટોઈ ગામની નર્સિંગની પરણિતા વિદ્યાર્થીનીને ઘરેલુ હિંસાની ચુંગાલમાંથી બચાવાઈ

મોડાસા, તા. ૧૯

મોડાસાના ટીંટોઈ ગામની પરિણીતાને પતિએ પ્રાંતિજથી



કિડનેપિંગ કરી પતિ અને સાસુએ પરિણીતાને માર મારતા હોવાની ફરિયાદ મળતા૧૮૧ અભયમ અને મોડાસા રૂરલ પોલીસે પરણીતા મહિલાને બચાવી મોડાસા પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસાના ટીંટોઈ ગામની પરિણીતા સાબરકાંઠાના પ્રાંતિજ નર્સિંગ કૉલેજમાં અભ્યાસ કરતી હોય દોઢ વર્ષના લગ્નજીવનમાં

● અનુસંધાન પાના - ૭ પર

# ૧૦ લાખની ખંડણી માટે પાલનપુરના ભંગારના વેપારીનું અપહરણ કરાયું હોવાની રાવ

## અપહૃત વેપારી આણંદથી મળી આવ્યો હોવાના અહેવાલ

પાલનપુરના અમદાવાદ હાઈવે પર ગઠામણ પાટિયા પાસેથી રૂ.૧૦ લાખની ખંડણી માટે એક ભંગારીનું અપહરણ કરાયાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરના ગઠામણ પાટિયા પાસે અમન સ્ક્રેપ નામે ભંગારનો વ્યવસાય કરતા માસૂકભાઈ મહેબુબખાન પઠાણ ઉ.૪૭ શહેરના આબુ હાઈવે પર આવેલા આનંદ નગર માં રહે છે. જેઓ ગત રાત્રે દુકાન વધાવી બાઈક પર પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે રેલવે ઓવરબ્રિજ પર ફોરવ્હીલર લઈ પાછળ આવી રહેલા અજાણ્યા ચારેક અપરણકારોએ આ વેપારીનું અપહરણ કર્યુ હોવાનું



કહેવાઈ રહ્યું છે. જોકે, ભંગારીનું રૂ. ૧૦ લાખની ખંડણી માટે અપહરણ કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

અપહર્ત ભંગારીની બાઈક પાલનપુરના લડબીનાળા પાસે ખંડેલવાલની ફેક્ટરી પાસેથી મળી આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસ અધિકારીઓ સહીતનો કાફલો દોડી આવ્યો હતો. જેઓએ અપહરણ કરાયેલ ભંગારીના મોબાઈલ લોકેશન પરથી તેનું પગેરું મેળવવવાની તજવીજ હાથ ધરી છે.

ભંગારના વેપારીના અપહરણને લઈને હરકતમાં આવેલી બનાસકાંઠા પોલીસે અપરણકારોને ઝડપી લેવા તપાસ નો ધમધમાટ તેજ કર્યો હતો. જેના પગલે અપહર્ત ભંગારી આણંદ પાસેથી મળી આવ્યો હોવાના અહેવાલ મળ્યા છે. જેને એલ.સી.બી.પોલીસ લેવા રવાના થઈ હોવાના અહેવાલ વચ્ચે રિવોલ્વર સાથે ૨ આરોપી ઝડપાઈ ગયા હોવાનુંપણ જાણવા મળ્યું છે. જોકે, સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસ અપહર્ત વેપારીને પાલનપુર લઈને આવે ત્યારે જ પર્દાફાશ થશે તેવું મનાઈ રહ્યુ છે.

# અખબારોના રાષ્ટ્રીય સંગઠનમાં મહામંત્રી પદે શંકરભાઈ કતીરા

ડીસા, તા. ૧૯

એસોસીએશન ઓફ સ્મોલ એન્ડ મીડીયમ ન્યૂઝ પેપર્સ ઓફ



ઈન્ડિયાની નેશનલ કાઉન્સીલની મીટીંગ તા. ૧૩-૧૪-સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ વડોદરા ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ કે.ડી. ચંદોલાજીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં રાષ્ટ્રીય મહામંત્રી પદે લોકપાલ સમાચાર પત્રના તંત્રી શંકર કતીરાની બિન હરીફ વરણી કરવામાં આવી હતી. શંકર કતીરાની વરણી થતાં સમગ્ર અખબારી આલમમાં ખુશીની લાગણી છવાઈ છે અને પત્રકારો દ્વારા વ્યાપક આવકાર સાંપડ્યો છે.

શંકર કતીરા વરસોથી અખબારોને નડતા પ્રશ્નો અને તેની સમસ્યા માટે લડત લડી રહ્યાં છે. પત્રકારોની સમસ્યાઓને પણ વાચા આપી રહ્યા છે. પ્રીન્ટ મીડીયા અને ઈલેક્ટ્રોનીક્સ મીડીયાના સાથીઓએ અભિનંદન પાઠવીને શુભેચ્છા વ્યક્ત કરી છે.

# ભિલોડામાં વાલી સંમેલન યોજાયુ

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદીરમાં વાલી સંમેલન યોજાયુ હતું. શાળાના વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્ય માટે ચિંતન કરવાની તેમજ વાલીઓ દિકરા-દિકરીઓના ભાવિ માટે હંમેશાં પોજીટીવ વિચારસરણી રાખી સંસ્થાની કામગીરીમાં સહયોગ આપવા આર.જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદીર આચાર્ય રમણભાઈ પટેલ,સ્ટાફ પરીવારએ અનુરોધ કર્યો હતો. સાંસ્કૃતિક પ્રવૃત્તીઓ, ગણિત, વિજ્ઞાન પ્રદર્શનમાં મેળવેલ સિધ્ધીઓ બદલ અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ તરફથી મળેલ આર્થિક સહયોગમાંથી વાલી તરીકે ઉપસ્થિત રહેલ જગદીશભાઈના વરદ્ હસ્તે ઈનામ વિતરણ કરાયુંહતું.

# મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમએસસી ઈન્સ્ટીટ્યૂટમાં મોબાઈલ એપ્લીકેશન વિષય પર વર્કશોપ યોજાયો



શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી) કોલેજ, મોડાસામાં બે દિવસીય એન્ડ્રોઈડ વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એક્ષપર્ટ તરીકે અમદાવાદથી લેગાટો ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડમાંથી ડૉ. આશીષ પારેજીયા આવ્યા હતા. આ બે દિવસીય વર્કશોપનું ઉદ્‌ઘાટન કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. શાહ તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહે કર્યુ હતું.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન કઈ રીતે ડેવલોપ થાય તેવુ પ્રેક્ટીકલ સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આકાશગીરી ગોસ્વામી તથા પ્રો. ભૌમિક કોઠારીએ કર્યું હતું.

# ધાનેરા તાલુકાના સામરવાડા ગામે તાલુકા કક્ષાનો પશુપાલક શિબિર પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

ધાનેરા તાલુકાના સામરવાડા ગામે ગુજરાત સરકાર દ્વારા પશુપાલક શીબીર પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન જોઈતાભાઈ પટેલ, વસંતભાઈ પુરોહિત, પશુપાલક નિયામક એસ.વી. ઉપાધ્યાય તથા ડૉક્ટરો હાજર રહીને પશુપાલકોને પશુઓના આરોગ્ય વિશે માહિતીગાર કરાવ્યા હતા. તેમજ પશુ ઉછેર અને સરકાર તરફથી મળતા લાભો વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પશુપાલકો તેમજ ગામના સરપંચ એમશીભાઈ પટેલ ઉ. સરપંચ ચીમજીભાઈ ઘટાડ, સામરવાડા ડેરીના મંત્રી ગનિભાઈ પટેલ હાજર રહ્યા હતા.



અંબાજી ખાતે ભાદરવી પૂનમ મેળા પછી લોકોના આરોગ્યની તપાસણી કરી વિવિધ પ્રકારની સારવાર મળી રહે તે હેતુથી રાજસ્થાન હોસ્પિટલ અમદાવાદ, પોલીસ પરીવાર બનાસકાંઠા, ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'મેગા મેડિકલ' કેમ્પમાં હાજર રહી લોકોના આરોગ્યની તપાસણી કેમ્પમાં હાજરી આપી.

# ધાનેરાની શ્રી સરસ્વતી વિદ્યામંદિર પ્રશ્નમંચમાં ઉત્તર ગુજરાત પ્રાંતમાં દ્વિતીય ક્રમે

ધાનેરા, તા. ૧૯

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી લોકકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિર ધાનેરાએ ભારત વિકાસ પરિષદ આયોજિત ભારત કો જાનો પ્રશ્નમંચમાં ધાનેરા શાખા સ્તરે પ્રથમ નંબર અને દીયોદર ખાતે યોજાયેલ ઉત્તર ગુજરાત પ્રાંત સ્તરે પ્રશ્નમંચમાં દ્વિતીય નંબર મેળવેલ છે. વિજેતા થનાર વિદ્યાર્થી શ્રી માધવ જીતેન્દ્રકુમાર મહેતા અને શ્રી તેજસ્વીની વિશ્વાસભાઈ પટેલને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

# ભિલોડા તાલુકાના રામનગર ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગર ગામમાં ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ રામનગર ગામના નવયુવાનો ધ્વારા યોજાયો હતો.આ પ્રસંગે સંકેતભાઈ ચૌધરી સહિત નવયુવાનોએ જણાવ્યું હતું કે વધુ વૃક્ષ વાવો, વધુ વરસાદ લાવોના સુત્રને સાર્થક કરવાનો અભિગમ અપનાવાયો હતો. રામનગર ગામમાં ઠેર-ઠેર વૃક્ષારોપણ કરી ભારત દેશના લોકલાડીલા વડાપ્રધાનના જન્મદિનની ઉજવણી યોજાઈ હતી.